**સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયાધીશ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૧૦૨૭/૨૦૨૫**

**આંક–૧૩**

**ફરિયાદી–** **કારખાના નિરીક્ષક શ્રી આર.આર.જોષી,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–** **શ્રી બલવીરસિંઘ નથુરામ પીલાનીયા–કબજેદાર**
**ઉ.આ.વ.પ૯**
કારખાનાનું નામ–સ્પેકટ્રમ ડાઇઝ એન્ડ કેમિકલ્સ પ્રા.લી.
સરનામુ–બ્લોક નં.૪૮૪,૫૦૨,૫૦૩–એ,૫૦૪,૫૦૫–એ
અને ૪૮૧/એ,૪૮૩,ને.હા.નં.૮,પલસાણા,જી.સુરત
પીન–૩૯૪૩૧૫
રહે.સરનામુ–મકાન નં.૨૦૧,શ્રીજી વિહાર,હરીહર નગર,
પલસાણા,તા.પલસાણા,જી.સુરત–૩૯૪૩૧૫

**ગુનોઃ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૭–એ(૨)(સી)ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદી નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરિયાદની નકલ આપી.તેઓને ફરિયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૧૦ થી રજુ છે અને આંક–૧૧ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમોના ભંગ બદલ કારખાના ધારાની કલમ–૯૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો તકસીરવાર ઠરે છે.આરોપી સામે

આક્ષેપિત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઇ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબ હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

આરોપીને તેઓ સામે **ગુજરાત કારખાનાના નિયમો–૧૯૪૮ ના કલમ–૭–એ(૨)(સી)** ના ઉલ્લંઘન બદલ સદરહું અધિનિયમની **કલમ–૯૨** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે ઉપરોકત કલમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી **રૂ.૩૫,૦૦૦/–(અંકે રૂપિયા પાત્રીસ હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબનો સદર કામે કુલ **રૂા.૩૫,૦૦૦/–(અંકે રૂપિયા પાત્રીસ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમિયાન વાંચી,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. – ૧૪/૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મજૂર અદાલત નં.૨,સુરત
**Code No.GJ01279**